ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાતના બાર IAS અધિકારીઓ ડેપ્યુટેશન પર દિલ્હી જવા તૈયાર

## નર્મદાના નીરને બોટલમાં પેક કરીને ૧૦ રૂપિયામાં વહેંચી શકાય છે

**વૃક્ષ કાપવાની સજામાં વધારો ન થઈ શકે ? કાયદામાં ફેરફાર કરો**

**રાજ્ય સરકાર નર્મદા જળ બોટલમાં પેક કરીને કેમ વેચી શકતી નથી**

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**

ગુજરાતના બાર જેટલા આઈએએસ ઓફિસરો ડેપ્યુટેશન ઉપર નવી દિલ્હી જવા તૈયાર થયા છે. રાજયના સામાન્ય વહીવટ વિભાગે આ ઓફિસરોની યાદી તૈયાર કરી છે પરંતુ રાજય સરકાર તેમને મોકલવાના મૂડમાં હોય તેમ લાગતું નથી. ડેપ્યુટેશની રાહમાં જી.સી.મુર્મુ, પંકજકુમાર, આર.પી.ગુપ્તા, રાજકુમાર, અંજુ શર્મા, બી.બી.સ્વેન, વત્સલા વાસુદેવા, અનિતા કરવલ, એસ. અપર્ણા, વિપુલ મિત્રા, વી. થીરૂપુગાઝ અને ટી. નટરાજનનો સમાવેશ થાય છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે આ તમામ ઓફિસરો સચિવ કે તેની ઉપરની રેન્કના હોવાથી તેમને જો ડેપ્યુટેશન ઉપર મોકલવામાં આવે તો ગુજરાત સરકારમાં સચિવસ્તરના ઓફિસરોની અછત સર્જાય તેમ છે. આ ફાઈલ હાલ ચીફ મિનિસ્ટરની વિચારણામાં હોવાનું જણાય છે...

**નવા એરપોર્ટમાં ૧૦૦૦ કરોડનું રોકાણ ...**

ધોલેરામાં આકાર લેનારી પોર્ટ સિટી પાસે ઈન્ટરનેશનલ કક્ષાનું એરપોર્ટ બનાવવા રાજય સરકારે એક હજાર કરોડનું રોકાણ કરવાનું વિચાર્યુ છે. આ સ્થળ અમદાવાદથી ૧૦૦ કિલોમીટર દૂર આવેલું છે જે વડોદરા જેટલું અંતર ધરાવે છે. ધોલેરા ટાઉન ૯૨૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર આવરી લે છે જયાં ૨૦૨૫ સુધીમાં રાજયનું અદ્યતન મેગાસિટી બનશે. સરકારનો દાવો છે કે આ સિટી ચાઈનાના સાંઘાઈ કરતાં છ ગણું મોટું હશે. તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ધોલેરા સિટી અને ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવાની દરખાસ્ત ભારત સરકારમાં કરી હતી જેને યુપીએ સરકારે મંજૂરી આપી હતી અને હવે મોદી સરકારની મદદથી રાજય સરકાર આ એરપોર્ટ બાંધવાની તૈયારી કરી રહી છે...







**મેટ્રોરેલનો પ્રથમ તબક્કો જે. કુમારને હવાલે ...**

અમદાવાદની મેટ્રોરેલ કોણ બનાવશે તેવા પ્રશ્નો અનેક વખત સામે આવ્યા છે. પહેલા પ્રાઈવેટ કંપનીને કામ સોંપવાની વિચારણા હતી, ત્યારપછી રાજય સરકારે બાંધવાની જાહેરાત કરી હતી. એ પછી પબ્લિક પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટની વાત આવી હતી, છેવટે મુંબઈ બેઝ કંપનીને કામ સોંપવામાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લામાં બે સંવાદસેતુના કાર્યક્રમ

## સવારે કલોલમાં બપોરે ૩ વાગે : ગાંધીનગરમાં પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે કલોલ અને ગાંધીનગર તાલુકામાં એક સાથે બે લોકસંવાદ સેતુના કાર્યક્રમો યોજાશે.

કલોલમાં સવારે સાડા નવ કલાકે પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં લોક સંવાદનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં તાલુકાના પ્રશ્નો અંગે રજુઆતો સાંભળી મંત્રીશ્રી દ્વારા તેનો ઉકેલ લાવવામાં આવશે.

આ પછી બપોર બાદ મંત્રીશ્રી અને પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં ગાંધીનગર તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાશે.

બપોરે ૩ વાગે યોજાનાર આ લોકસંવાદ સેતુમાં ગાંધીનગર તાલુકાના ૩૦ થી વધુ પ્રશ્નો અંગે ચર્ચાઓ થશે.

એક જ દિવસમાં એક સાથે બે તાલુકાઓમાં સંવાદ સેતુના કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આજે રજાના દિવસે પણ તંત્રના કર્મચારીઓ કચેરીમાં સતત હાજર જણાયા હતા.

# પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનમાં વીજળીનો વપરાશ ગાંધીનગર શહેરની વીજ વપરાશ બરાબર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં પ્લાસ્ટ ઈન્ડિયા જેવું મોટુ પ્રદર્શન યોજાઈ રહ્યું છે. આ પ્રદર્શનમાં લગભગ ૧૫૦૦ જેટલા સ્ટોલ્સ લગાવવામાં આવ્યા છે. આ પ્રદર્શન માટે ટોરેન્ટ પાવર પાસે ૨૫ મેગાવોટ જેટલી વીજળી માંગવામાં આવી રહી છે. જે લગભગ ગાંધીનગર શહેરના કુલ વીજ વપરાશ બરાબર છે.

પ્લાસ્ટ ઈન્ડિયા જેવી વિશાળ પ્રદર્શન ગાંધીનગરના આંગણે યોજાઈ રહ્યું છે. જેના કારણે શહેર એકદમ જીવંત લાગી રહ્યું છે. આ વિશાળ પ્રદર્શનમાં લગભગ ૧૫૦૦ જેટલા જુદા જુદા સ્ટોલ્સ મોટી મોટી કંપનીઓએ લગાવ્યા છે. સવારે ૧૦.૦૦ થી સાંજે ૬-૭ વાગ્યા સુધી આ પ્રદર્શન ખુલ્લુ રહે છે. આ પ્રદર્શન જેટલું વિશાળ છે તેટલો જ અધધ વીજ વપરાશ અહી થઈ રહ્યો છે. આ પ્રદર્શન માટે ઈન્ડેક્ષ-બી એ ટોરેન્ટ પાવર પાસે ૨૫ મેગાવોટ વીજળીની માંગ કરી હતી. જે પ્રદર્શનના પાંચ દિવસ દરમ્યાન પૂર્ણ કરવા ટોરેન્ટ પાવરે વિશેષ વ્યવસ્થા ઉભી કરી છે. આશ્ચર્યની વાત તો એ છે કે અહી જેટલો વીજ વપરાશ થઈ રહ્યો છે લગભગ તેટલો જ વીજ વપરાશ આખુ ગાંધીનગર કરે છે. હાલમાં શહેરમાં લગભગ ૩૦ થી ૩૨ મેગાવોટ વીજળીની દૈનિક જરૂરીયાત રહે છે. આખા શહેરમાં જેટલી વીજળી આપવામાં આવે છે લગભગ તેટલી જ વીજળી હાલમાં પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનમાં ઉપયોગ થઈ રહી છે.

# પ્લાસ્ટ ઈન્ડીયાની વાઈબ્રન્ટ ઈફેક્ટ દરરોજ ૫૦ હજાર મુલાકાતીઓ

## અત્યાર સુધી અંદાજિત ૧.૫૦ લાખથી વધુ મુલાકાતીઓ આવ્યા

## ગાડીઓના ખડકલા અને ટ્રાફીકજામથી નગરનુ જનજીવન પ્રભાવિત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં આયોજિત પ્લાસ્ટ ઈન્ડીયા-૨૦૧૫ના વિશ્વના સૌથી મોટા પ્રદર્શનને અનુલક્ષી ભારે ભીડ-ભાડ જોવા મળે છે. સવાર પડતા જ નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફીક જામ સાથે સેક્ટરોના આંતરિક વિસ્તારમાં નવા નવા પાર્કીંગ પ્લેસ ઉભા થયેલા નજરે પડે છે. આખો દિવસ શહેરમાં ગાડીઓનો ખડકલો જોવા મળે છે. પ્લાસ્ટ ઈન્ડીયામાં ૧૬૦૦ જેટલા એક્ઝીટર્સે ભાગ લીધો છે. જેની સામે રોજબરોજ ૫૦ હજાર જેટલા મુલાકાતીઓ આવતા હોવાનુ મનાઈ રહ્યું છે. શહેરની અંદાજિત ૩ લાખની વસતીની સામે રોજ ૩૦ ટકા લોકો બહારથી પ્રવેશે છે. જેના પરિણામે શહેરનો ટ્રાફીક સિનારીયો બદલાયો છે. જ્યારે નગરનું જનજીવન પણ વિશેષ રૂપે પ્રભાવિત થયું છે. અત્યાર સુધીમાં ૧.૫૦ લાખથી વધુ મુલાકાતીઓએ પ્લાસ્ટ ઈન્ડીયાની વીઝીટ લીધી છે.

ગાંધીનગરના આંગણે પ્લાસ્ટ ઈન્ડીયા-૨૦૧૫નો પ્રારંભ થતા નગરના જનજીવનમાં અનોખો બદલાવ જોવા મળી રહ્યો છે. ભારતના સૌથી મોટા અને વિશ્વના થર્ડ લાર્જેસ્ટ પ્લાસ્ટીક એક્ઝીબીશનમાં દેશ વિદેશની વિવિધ ૧૬૦૦ જેટલા એક્ઝીવીટર્સે ભાગ લીધો છે. જેમાં ૩૦ જેટલા દેશો પણ ભાગીદાર બન્યા છે. પ્લાસ્ટ ઈન્ડીયામાં પ્લાસ્ટીક ઉદ્યોગો સંબંધિત વિવિધ મશીનરી તેમજ સંભવિત ધંધા-ઉદ્યોગને લગતી રસપ્રદ માહિતી મેળવવા પ્લાસ્ટીક જગતના વેપારીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓ ઉપરાંત દેશના વિવિધ રાજ્યોમાંથી પ્લાસ્ટીક ઉદ્યોગના અગ્રણીઓ અને વેપારીઓની મીટ હાલ ગાંધીનગર તરફ સ્થિર થઈ છે. ગુજરાતમાં પણ પ્લાસ્ટીક ઉદ્યોગો ધીમે ધીમે વધુ મજબુત સ્થિતિમાં આવતા જાય છે. જેના લીધે પ્લાસ્ટીક ક્ષેત્રના વેપારમાં સંકળાયેલા પ્રત્યેક વેપારીઓ પણ આ એક્ઝીબીશનની મુલાકાત લેવાની તક સાંપડી છે. પ્લાસ્ટ ઈન્ડીયાના પ્રારંભથી જ નગરના માર્ગો પર ગાડીઓનો કાફલો સતત ધમધમતો જોવા મળે છે. શહેરમાં રોજ ૫૦ હજાર જેટલા મુલાકાતીઓ બહારથી આવતા હોવાનો અંદાજ છે. શહેરની અંદાજિત ૩ લાખની વસતી સામે ૫૦ હજાર જેટલા બહારના મુલાકાતીઓથી નગર ઉભરી રહ્યું છે. મુલાકાતીઓની અવર જવર ટ્રાફીકના ધમધમાટથી નગરના જનજીવન વિશેષરૂપે પ્રભાવિત થયું છે. સ્થાનિક રહીશોને તથા ટ્રાફીક નિયમનની અવ્યવસ્થાના લીધે પારાવાર હાલાકી ભોગવવી પડે છે.





(તસવીર : દિપક જાની)

# જેઇઇ રદ કરવા સક્રિય વિચારણા

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાટે સેમેસ્ટર પદ્ધિતિ બોજરૂપ બની રહી છે. જેમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે જેઈઈની પરીક્ષા રદ કરવા માટે શિક્ષણક્ષેત્રના જાણીતા તજજ્ઞો દ્વારા રજૂઆત આવી છે જેના પગલે જેઈઈની પરીક્ષા મરજીયાત કરવા અંગે વિચારણા થશે. ગુજરાતમાં ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ભાર વગર સાયન્સમાં વિદ્યાર્થીઓનું ઉત્તમ કારકિર્દીનું નિર્માણ થાય તેવા શુભ હેતુઓથી ૨૦૧૧થી સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. એન્જિનિયરિંગના છાત્રો માટે નેશનલ બોર્ડ દ્વારા જેઈઈ પરીક્ષા લેવાની તથા બી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ગુજકેટ પરીક્ષા અમલી બની. આ પરીક્ષાઓ અમલી બનતા ભાર વગરના સાયન્સના ભણતરનો ખ્યાલ વિદ્યાર્થી માટે ખરેખર ભાર જેવો બન્યો છે. ગુજરાતના વિજ્ઞાન પ્રવાહના

● અનુસંધાન પાન-૭ પર

# પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનના પગલે સ્થાનિક રોજગાર-ધંધામાં જોરદાર તેજી

## હોટલ રેસ્ટોરન્ટથી લઈને પ્રદર્શનના સ્ટોલ પર હંગામી નોકરી મેળવી સ્થાનિક યુવાનોએ થોડીક કમાણી ચોક્કસ કરી લીધી છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં ૫ મી જાન્યુઆરીથી યોજાઈ રહેલા પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનથી ગુજરાતના ઉદ્યોગ જગતને તો કદાચ લાંબા ગાળે ફાયદો થશે પરંતુ પ્રદર્શનના કારણે સ્થાનિક રોજગારીમાં તેજી આવી ગઈ છે. પ્રદર્શન દરમ્યાન ઘણો પૈસો ગાંધીનગરમાં ઠલવાયો છે.

પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનના કારણે શહેરના હોટલ ઉદ્યોગમાં જબરજસ્ત તેજી આવી છે. શહેરની લગભગ તમામ હોટલો, ગેસ્ટહાઉસ, સમાજની વાડીઓના રૂમ એકદમ ફુલ છે. ગાંધીનગર ઉપરાંત શહેરની નજીક આવેલી હોટલોમાં પણ છેક ૧૦મી જાન્યુઆરી સુધી એક પણ રૂમ ઉપલબ્ધ નથી. હોટલોવાળા મોંઘાભાવે રૂમો આપી આ તકનો લાભ લઈ રહ્યા છે.

આ પ્રદર્શનમાં લગભગ ૧૫૦૦ જેટલા જુદા જુદા સ્ટોલ્સ છે. જેના પર એક્ઝીક્યુટીવ તરીકે શહેરના ભણેલા ગણેલા સ્માર્ટ યુવાનોને પર ડે ૭૦૦ થી ૨૫૦૦ રૂ.ના પગારે હંગામી નોકરી ઉપલબ્ધ થઈ છે. કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો આ તકનો લાભ લઈ ઓછા દિવસોમાં સારી એવી કમાણી કરી રહ્યા છે.

પ્રદર્શનમાં ભાગ લેવા, તેને જોવા ઘણા ઉદ્યોગપતિઓ, કંપનીઓનો સ્ટાફ અને અન્ય મુલાકાતીઓ દરરોજ ગાંધીનગર આવી રહ્યા છે. જેના કારણે દરરોજ હજ્જારોની સંખ્યામાં વાહનોની અવરજવર ગાંધીનગરમાં રહે છે. અમદાવાદ ઉપરાંત છેક વડોદરા, રાજકોટ, સુરતથી દરરોજ ખુબ મોટી સંખ્યામાં વાહનો ગાંધીનગર આવે છે. પેટ્રોલ-ડિઝલ અને ગેસ ભરાવવા માટે આ વાહનોની લાંબી કતારો પેટ્રોલપંપો પર લાગેલી જોવા મળી રહી છે. પેટ્રોલપંપોને આ દિવસો દરમ્યાન ખુબ સારો બિઝનેશ થઈ રહ્યો છે. પ્રદર્શનની મુલાકાતે જે લોકો આવી રહ્યા છે તેમના કારણે રેસ્ટોરન્ટ અને ચા-નાસ્તાની લારીઓવાળાને પણ ખુબ સારો બીઝનેસ થઈ રહ્યો છે. ઘ-૫ નુ ફુડકોર્ટ છેક મોડી રાત સુધી ધમધમતુ રહે છે. ટેક્સીચાલકો, રીક્ષાચાલકો, એસ.ટી. બસો અને ખાનગી વાહનોને પણ બખ્ખા થઈ ગયા છે. તેમનો ધંધો-રોજગાર આ દિવસો દરમ્યાન ખુબ સારો ચાલી રહ્યો છે. આ પ્રદર્શનના કારણે ગુજરાતમાં પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીનો કેવો વિકાસ થશે તે તો ભવિષ્યમાં જાણવા મળશે પરંતુ હાલમાં તો સ્થાનિક રોજગારીનું ચક્કર જોરદાર ચાલ્યુ છે.



(તસવીર : દિપક જાની)






















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com